**ડાયરેક્ટ ❤ સે**

તમે
દરેક ભસતા કૂતરા સામે
પથ્થર ફેંક્યા કરશો
તો કદિ
મંઝિલે નહીં પહોંચી શકો
એના કરતાં
હાથમાં બિસ્કીટ રાખો

**જન્મદિને વધામણી**



**ડો. રાજેશભાઈ બી શાહ**
ટ્રેઝરર અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦



**કનુભાઈ શીવલાલ શાહ**
આજીવન ટ્રસ્ટી
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
ઉપપ્રમુખ
ગાંધીનગર વૈષ્ણવ સમાજ
સલાહકાર
શ્રી સમસ્ત ખડાયતા સમાજ
મો. ૯૯૨૫૦ ૧૨૪૮૬



**સોનીભાઈ સાબુવાળા**
મો. ૯૪૨૭૪ ૧૮૨૪૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### કડી સર્વ વિદ્યાલયના સર્વ નેતૃત્ત્વ જૂથના વિદ્યાર્થીઓ દ્વારા

# ‘મા-બાપને ભૂલશો નહીં’ કાર્યક્રમ યોજાયો







કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વના વિદ્યાર્થીઓ વિવિધ સમાજલક્ષી કર્યો દ્વારા સમાજ સેવાનું ઉત્તમ ઉદારણ પૂરું પાડીને સંસ્થાનું સ્લોગન ‘‘કર ભલા, હોગા ભલા’’ને ચરિતાર્થ કરવાનો પ્રયાસ કરી રહયા છે. જેના ભાગરૂપે પોતાના પોકેટમાનીમાંથી બચત કરી, આ યુવાનો દ્વારા તાજેતરમાં ‘‘મા-બાપને ભૂલશો નહિ’’ કાર્યક્રમનું આયોજન સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ, સૅક્ટર-૧૨ના ઓડીટોરીયમ ખાતે કરવામાં આવ્યું હતું. ગુજરાતના ટીવી કલાકાર અજયભાઈ બારોટ દ્વારા આ કાર્યક્રમમાં મનોરંજનની રસલહાણ કરાવવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને કાર્યક્રમને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમ આજના આધુનિક સમાજમાં વધતા જતા વૃધ્ધાશ્રમની સંખ્યાના સામજિક પ્રશ્નને અનુલક્ષીને અને દરેક વ્યક્તિ પોતાના જીવનમાં મા-બાપનાં કાર્યોનું અને તેમના યોગદાનનું મહત્વ સમજે એ આશયથી કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ અધ્યાપક ડૉ. ધર્મેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો, જેની વ્યવથા માટે ગૃહમાતા યશોમતીબા અને વિષ્ણુબા દ્વારા વિશેષ સહયોગ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન સર્વ નેતૃત્વ ગ્રુપના યુવાનો તન્મય પટેલ, રાહુલ સુખડીયા, કૌંશિક પ્રજાપતિ, રાહુલ રંગાણી, સુરજ મુંજાણી, ધારા પટેલ, નમ્રતા ડોબરિયા, અને કોમલ ગામીતી દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

## જિલ્લાકક્ષાના રમતોત્સવમાં આદર્શ નિવાસી કન્યા શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કક્ષાનો રમતોત્સવ મહાત્મા ગાંધી વિદ્યાલય, સૅક્ટર-૧૬ ખાતે યોજવામાં આવ્યો હતો. અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮ અને સ્વામીનારાયણ ધામ, ધોળેશ્વરની પસંદગી પામેલી ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી. આ ટીમ હવે રાજ્યકક્ષાએ ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ વિજેતા ટીમમાં આદર્શ નિવાસી શાળાનાં વિદ્યાર્થીની મિત્તલ સોલંકી, ગુંજન લેઉવા, ટ્વિન્કલ પુરબિયા, રિન્કુ સોલંકી, તમન્ના રાઠોડ સામેલ હતાં. આચાર્ય કુસુમબેન ચૌહાણે સમગ્ર શાળા પરિવાર વતી આ વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ૧૦મીએ કાવ્યગોષ્ઠિ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા કાવ્ય ગોષ્ઠિનું આયોજન તારીખ ૧૦મી સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સાહિત્યકાર અને લોકપ્રિય કવિ ભાગ્યેશ જહાના હસ્તે સાહિત્યકાર બેલડી દિપક ત્રિવેદી-હર્ષિદા ત્રિવેદીનાં પુસ્તકો ‘ધત્ તેરેકી’ અને ‘ઝાકળની હેલી’નું લોકાર્પણ આગામી તા. ૧૦ સપ્ટેમ્બર ને રવિવારના રોજ શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

આ પ્રસંગે ગુજરાતના ગણમાન્ય કવિગણ દ્વારા તેમનાં સર્જનો પ્રસ્તુત કરવામાં આવશે. ભાગ્યેશ જહા, કિશોર જીકાદરા, પારસ હેમાણી, તેજસ દવે, રમેશ ઠક્કર, શૈલેષ પંડ્યા, દીપક ત્રિવેદી, હર્ષિદા ત્રિવેદી, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ભાવિન ગોપાળી અને ડૉ. મુકેશ જોષી આ ઉપક્રમ અંતર્ગત પોતાની કવિતાઓ પ્રસ્તુત કરશે. કાર્યક્રમ સંચાલન કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવશે. સાહિત્ય, કાવ્યમાં રસ ધરાવતા સૌ કોઈ નગરજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સાહિત્ય સભા વતી તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

## ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ તાલુકાના ખેલ મહાકુંભમાં ઝળકી

### વિજેતા વિદ્યાર્થીનીઓ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વિજેતા સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

લાંબીકૂદમાં શેફાલી પ્રવીણસિંહ વાઘેલા પ્રથમ, ચક્રફેંકમાં પ્રેક્ષા ઈશ્વરભાઈ દેસાઈ તૃતિય, ૫૦ મીટર દોડમાં તેજસ્વિની નિમેષભાઈ મોદી દ્વિતિય, ઊંચી કૂદ અને ૨૦૦ મીટર દોડમાં અરબીના જૈનુલભાઈ સૈયદ તથા ચૅસમાં પલ વિજયભાઈ પટેલ દ્વિતિય ક્રમે વિજેતા બન્યાં હતાં. આ તમામ વિદ્યાર્થીનીઓ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે પસંદગી પામી હતી. વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન શિક્ષક દક્ષાબેન ઍમ પટેલ દ્વારા પ્રાપ્ત થયું હતું, જેમને તથા વિદ્યાર્થીનીઓને આચાર્ય નીરૂબેન જે પટેલ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સાહિત્ય અને પત્રકારત્વ વિષયે આજે અમદાવાદમાં પ્રેસ સૅમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સાહિત્ય અકાદમી અને અનુસૂચિતજાતિ-જનજાતિના પત્રકારોના માન્ય સંગઠન ‘અજાજ મીડિયા ટ્રસ્ટ’ના સંયુક્ત ઉપક્રમે ‘સાહિત્ય અને પત્રકારત્વ : એકમેકના સાથી’ વિષયે નિમંત્રિત પત્રકારો, સાહિત્યકારો માટે એક પ્રેસ સૅમિનારનું આયોજન રવિવારે અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

નટુભાઈ પરમાર અને ભરત દેવમણિ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, તા. ૩ સપ્ટેમ્બરના રોજ સાંજે ૪ કલાકે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ભવન, શાહીબાગ ખાતે આયોજિત આ પ્રેસ સૅમિનારમાં મહારાષ્ટ્રના પ્રમુખ મરાઠી દૈનિક ‘સકાળ’ના મુખ્ય તંત્રી અને નિયામક, નીવડેલા પત્રકાર અને ખ્યાત મરાઠી સાહિત્યકાર ઉત્તમ કામ્બલે ચાવીરૂપ પ્રવચન આપશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાની અધ્યક્ષતામાં યોજાનારા આ સૅમિનારમાં નવગુજરાત સમયના તંત્રી અજય ઉમટ અને રાજ્ય માહિતી કમિશનર નલીન ઉપાધ્યાય અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

## સ્વનિર્ભર પૅરા મૅડિકલ બેઠકો માટે સ્થિતિ હજુ અનિર્ણિત

### પેરામેડિકલ મેનેજમેન્ટ બેઠકોની પ્રવેશ કાર્યવાહી ૧૦મી પહેલાં શરૂ ન થાય તેવા આસાર

### વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હશે તો પણ આ બેઠકો પર પ્રવેશ મળી શકશે નહીં

ગાંધીનગર, તા. ૨

પેરા મેડિકલ કોલેજની બેઠકો ખાસ કરીને નીટથી ભરવાના છે તે તમામ કોર્સ માટે હાલ વિદ્યાર્થીઓને ઓનલાઈન ચોઈસ આપવાની સૂચના આપી દેવાઈ છે પરંતુ હજુ સ્વનિર્ભર પેરા મેડિકલની બેઠકો કેવી રીતે ભરાશે તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી. સ્વનિર્ભર કોલેજ સંચાલકો હાલ સરકાર સાથે આ મુદ્દે વાટાઘાટો કરી રહ્યા છે. આ સ્થિતિમાં આગામી તા.૧૦મી પહેલા મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે કોઈ કાર્યવાહી ન થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

પેરા મેડિકલ એટલે કે હોમિયોપથી, આયુર્વેદ, ફિઝિયોથેરાપી, નર્સિંગ સહિતની સ્વનિર્ભર કોલેજોની મેનેજમેન્ટ કવોટાની બેઠકો સરકારે એટલે કે પ્રવેશ સમિતિ દ્વારા ભરવાનું નક્કી કરાયું હતું. જેની સામે સ્વનિર્ભર કોલેજ સંચાલકોએ કોર્ટનો આશરો લીધો હતો. કોર્ટમાં સંચાલકો જીતી જતાં પોતાની રીતે બેઠકો ભરવાની તૈયારી શરૂ કરી હતી.

જો કે, સરકારે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની તૈયારી કરીને રિટ કરી હતી. અચાનક સરકારે અગમ્ય કારણોસર રિટ પાછી ખેંચી લીધી હતી. હજુ સુધી મેનેજમેન્ટ કવોટાની પ્રવેશ પ્રક્રિયા કેવી રીતે થશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. એક તબક્કે અમદાવાદની સ્વનિર્ભર પેરા મેડિકલ કોલેજ અને બહારગામની પેરા મેડિકલ કોલેજના સંચાલકો વચ્ચે મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવા અંગે મતમતાંતરો પણ ઊભા થયા હતા.

સૂત્રો કહે છે હાલમાં સરકાર સાથે મેનેજમેન્ટ કવોટાની બેઠકો કેવી રીતે ભરવી તે મુદ્દે વાટાઘાટો ચાલી રહી છે. હાલમાં મેનેજમેન્ટ કવોટામાં જે ફી લેવાની સૂચના આપવામાં આવી છે તેને લઈને કેટલાક સંચાલકોમાં નારાજગી જોવા મળી રહી છે. સંચાલકો દ્વારા સરકાર સમક્ષ કેટલીક માગણીઓ પણ રજૂ કરવામાં આવી છે. જો સરકાર દ્વારા આ માંગણીઓ સ્વીકારવામાં આવશે તો સ્વનિર્ભર કોલેજ સંચાલકો દ્વારા મેનેજમેન્ટ કવોટા પોતાની રીતે ભરવાની હઠ છોડીને સરકારને બેઠકો સુપ્રત કરે તેવી પણ શકયતા છે. સરકાર અને સંચાલકો વચ્ચે કોઈ સમાધાન ન થાય તો હાઈકોર્ટના ચુકાદા પ્રમાણે સ્વનિર્ભર કોલેજ સંચાલકો પોતાની રીતે જાહેરાત આપીને મેનેજમેન્ટ કવોટાની બેઠકો ભરવાની કાર્યવાહી કરશે તેવું સૂત્રો કહે છે. બીજી બાજું પ્રવેશ સમિતિ દ્વારા એવી સ્પષ્ટતા કરી દેવામાં આવી છે કે મેનેજમેન્ટ કવોટાની બેઠકો સમિતિ દ્વારા ભરાશે નહીં. વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હશે તો પણ આ બેઠકો પર પ્રવેશ મળી શકશે નહીં.

### હાયર પેમેન્ટ તરીકે કોર્સ ચલાવવા મુદ્દે

## સરકારી સાયન્સ કૉલેજ દ્વારા ઍમઍસસીની બેઠકો પરત કરાઈ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી અને ગાંધીનગરમાં આવેલી સરકારી સાયન્સ કોલેજમાં ચાલુ વર્ષથી હાયર પેમેન્ટ ફીમાં માસ્ટર ડિગ્રી એટલે કે એમએસસી શરૂ કરાયું છે. વિદ્યાર્થીઓ દ્વારા આ કોર્સ ગ્રાન્ટેડ ધોરણે ચલાવવાની માંગણી કરાઈ રહી છે. વિદ્યાર્થીએ યુનિવર્સિટી સત્તાધીશો સમક્ષ પણ આ માંગણી રજૂ કરી હતી. હાયર પેમેન્ટ તરીકે કોર્સ ચલાવવા દેવામાં ન આવે તો તમામ બેઠકો યુનિવર્સિટીને પરત કરી દેવાની ચીમકી કોલેજ સંચાલકોએ આપી હતી જે પ્રમાણે બેઠકો સુપ્રત કરી દેવાઈ હતી. જેના કારણે આ કોલેજમાં પ્રવેશ લેનારા અંદાજે ૫૫ જેટલા વિદ્યાર્થીઓની કારકિર્દી પર તલવાર લટકી રહી છે.

ચાલુ વર્ષે એમએસસીમાં પ્રવેશ માટે ભારે ધસારો રહ્યો હતો. બહારગામ એટલે કે ગાંધીનગરના વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે અમદાવાદની કોલેજોમાં આવતાં હોય છે. જેના કારણે ગાંધીનગરની સરકારી સાયન્સ કોલેજમાં એમએસસીનો કોર્સ ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી.





(૧) ૨૦૧૭માં વિશ્વ બૉક્સિંગ ચૅમ્પિયનશીપમાં ગૌરવ બિધૂડીને કયો મૅડલ પ્રાપ્ત થયો છે ?
(એ) ગોલ્ડ
(બી) સિલ્વર
(સી) બ્રૉન્ઝ
(ડી) એકપણ નહીં

(૨) ભારતીય મૂળના જે વાય પિલ્લૈ કયા દેશના કાર્યકારી રાષ્ટ્રપતિ પદે વરણી પામ્યા છે ?
(એ) સિંગાપુર (બી) ઑસ્ટ્રેલિયા
(સી) ફિઝી (ડી) મલેશિયા

(૩) દેશના નવા ચૂંટણી કમિશનર પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) અજય ત્યાગી (બી) રાજીવ કુમાર
(સી) સુનીલ અરોરા (ડી) રમન કુમાર

(૪) ૨૦૧૭માં નવા કમ્પ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) રાજીવ મહર્ષિ (બી) રાજીવ માથુર
(સી) રાજીવ કપૂર (ડી) રાજીવ પ્રતાપ

(૫) ૨૦૧૭માં કયા દેશે ટૅક્સ ચોરી અને કાળા નાણાં સામેની લડાઈમાં ભારતને વિશેષ સહયોગ આપવા નિર્ણય કર્યો છે ?
(એ) ચીન (બી) સોમાલિયા
(સી) સ્વિટ્ઝર્લૅન્ડ (ડી) બાંગ્લાદેશ

(૬) તાજેતરમાં ઉત્તર પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) વિજયનાથ પાંડે (બી) મહેન્દ્રનાથ પાંડે
(સી) અજય બિસ્ટ (ડી) કરણસિંહ ચૌધરી

(૭) તાજેતરમાં નવા રક્ષા સચિવ પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) સંજય મિત્રા (બી) સંજય પ્રસાદ
(સી) વિજય શર્મા (ડી) વિજય સાંપલા

(૮) આરબીઆઈના રિપોર્ટ અનુસાર કેટલા ટકા જૂની નોટો બૅન્કોમાં પાછી જમા થઈ ગઈ છે ?
(એ) ૯૮ ટકા (બી) ૯૯ ટકા
(સી) ૧૦૦ ટકા (ડી) ૯૭ ટકા

(૯) ઑગષ્ટ માસમાં ભારતનો જીડીપી કેટલા ટકા નોંધાયો છે ?
(એ) ૫.૪ ટકા (બી) ૫.૬ ટકા
(સી) ૫.૭ ટકા (ડી) ૫.૮ ટકા

(૧૦) ૨૦૧૭માં કઈ સંસ્થા દ્વારા પોલીસ માટે સ્માર્ટ યુનિફૉર્મ તૈયાર કરવામાં આવ્યો છે ?
(એ) ઍનઆઈડી (બી) ઍનઆઈઍફટી
(સી) ઍનઆઈસીઍમ (ડી) ઍટીઆરએ

# ટાઉનહૉલમાં ‘ગરીબ કન્યા’ નામે સુંદર નાટ્યપ્રયોગ



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર પુરસ્કૃત અને સંસ્કાર આર્ટ ઍકેડેમી, મહેસાણા દ્વારા પ્રસ્તુત સ્વ. મણિલાલ પાગલ લિખિત અને રમેશ પાંચોટિયા દિગ્દર્શિત જૂની ગુજરાતી રંગભૂમિનું યાદગાર સામાજિક નાટક ‘ગરીબ કન્યા’ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે સફળતાપૂર્વક ભજવાયું હતું.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ પદે સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી આત્મારામભાઈ પરમાર, મુખ્ય મહેમાન તરીકે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રાજેન્દ્રભાઈ ઍસ ત્રિવેદી, અતિથિ તરીકે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, સભ્ય સચિવ જે આર નાયક, સભ્ય નવનીતલાલ ડી નાયક, પાટણ જિલ્લા ભાજપ પ્રભારી મયંક નાયક, મહેસાણા જિલ્લા પંચાયતના સદસ્ય કેશુભાઈ પટેલ અને નાયક ભોજન સમાજ, ગાંધીનગરના પ્રમુખ-મંત્રી દિનેશ ડી નાયક ઉપસ્થિત રહ્યા હતા.

ભરચક મેદની વચ્ચે ભજવાયેલા આ નાટકે લોકોને ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું હતું. અને તેણે જૂની રંગભૂમિની સુવર્ણ યાદોને તાજી કરી દીધી હતી. કલાકારોનો સ્વાભાવિક અભિનય સમગ્ર નાટકને જીવંતતા આપી ગયો હતો. સૌ કલાકારોને પ્રેક્ષકોએ મન ભરીને માણ્યા ને વખાણ્યા હતા. નાટકમાં પ્રભુલાલ દ્વિવેદી અને કવિ મનસ્વી પ્રાંતિજવાળા લિખિત ગીતો પણ સમાવવામાં આવ્યાં હતાં. ૭૦ વર્ષ પહેલાં લખાયેલું નાટક આજના યુવાનો અને યુવતિઓ માટે સાંપ્રત પરિસ્થિતિમાં પણ એટલું જ પ્રસ્તુત છે એવું પ્રેક્ષકોએ અનુભવ્યું હતું.

## વિજય ત્યાં જ્યાં સત્યનો સત્કાર છે

નાટકમાં જીવનની ફિલસૂફી રજૂ કરતા અને પ્રેક્ષકોનાં હૈયે વસી ગયેલાં સંવાદો :-

- પળ પળ સળગે છે સંસાર, કોની કાયા, કોની માયા, કોણ માતા ને કોના જાયા, ડગલે પગલે તડકા છાયા, છાયા છે છળનાર.
- ઉગતા પ્રભાત કોઈના ઉગીને આથમે કાં... દુનિયાને કરૂણાના કાવ્યો વધુ ગમે કાં... હસવા મહીં રૂદનના ભાવો વધુ ગમે કાં...
- સરિતાને શોષનારા સાગર બધા છે ખારા, ખારા છતાં હસીને હૈયે સમાવનારા.
- ચૂપ રહેશે વિશ્વ, ઈશ્વર ચૂપ રહેશે નહીં, દોષનો કરનાર એ છે, દોષ તારો છે નહીં.
- કાલે હતું નિર્દોષ જીવન, આજ દોષિત થઈ ગયું. ધૈર્ય ખોયુ, ગર્વ ખોયો, નૂર નીતિનું ગયું, સચ્ચાઈ સળગી ગઈ, જીવવા જેવું હતું તે પણ ગયું, પુણ્ય પરલોકે ગયું ને પાપ કલેવર રહી ગયું.
- જગતના મેદાનમાં અગણિત જન જન્મી ગયા, જન્મેલ ખાલી હાથે ચાલી ગયા, નામ ધર્યું ત્યારથી માથે ગરજતો નાશ છે, જેણે સુનિતી સાચવી તેનો અમર ઈતિહાસ છે.
- લૂંટ્યું જગત, લૂંટી સુનિતી વિદાર્યો સંસાર છે. આવી હતી જે સ્થાન બચવા ત્યાં થયો સંહાર છે. સહેશું, બળી જાશું, રખડશું એ જ જીવન સાર છે. ચૂપ રહેવા કાજ અબળા જાતને અવતાર છે.
- યાદ રાખો, વિજય ત્યાં જ્યાં સત્યનો સત્કાર છે. જિંદગી છે બે દિવસ, માથે મરણનો ભાર છે.
- અન્યાયની કાળાશ આજે આંગણામાંથી ટળી, મહેર ઈશ્વરની થઈ કે આજે મહાલક્ષ્મી મળી.